# પ્રાચીન સ્તવનાવલી

## ૧૩

## શ્રી વિમલનાથ ભગવાન





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૩

## શ્રી વિમલનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અષ્ટમ સ્વર્ગ થકી ચવી | શ્રી વીરવિજયજી | ૧ |
| કંપીલપુરે વિમલ પ્રભુ | શ્રી પદ્મવિજયજી | ૧ |
| અષ્ટમ કલ્પ થકી ચવ્યા | શ્રી જ્ઞાંનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સેવો ભવિયા વિમલ જિનેશ્વર | શ્રી યશોવિજયજી | ૨ |
| પ્રભુજી ! મુજ અવગુણ મત | શ્રી કાંતિવિજયજી | ૩ |
| દુઃખ-દોહગ દૂરેં ટલ્યારે | શ્રી આનંદઘનજી | ૪ |
| વિમલનાથ મુજ મન વસે | શ્રી યશોવિજયજી | ૫ |
| સજની ! વિમલ-જિનેસર | શ્રી યશોવિજયજી | ૬ |
| હાંરે લાલા ! વિમળ જિનેશ્વર | શ્રી ભાણવિજયજી | ૭ |
| વિમલ-કમલ-દલ આંખડીજી | શ્રી આનંદવર્ધનજી | ૮ |
| વિમલ-જિનેસર ! જગધણી | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| જી હો ! વિમલ-જિનેસર સુંદરૂ | શ્રી માનવિજયજી | ૯ |
| વિધિ શું વંદતાં વિમલ-જિનેસરૂજી | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૦ |
| વિમલ-જિનેસરરાયા | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| રમણ કરે મન-મંદિરે રે | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| તુમસોં લાગો નેહ | શ્રી હરખચંદજી | ૧૩ |
| વિમલ જિણેસર મુજ પરમેસર | શ્રી નયવિજયજી | ૧૪ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સંદેશડો વિમલ જિનજીસું | શ્રી ઋષભસાગરજી | ૧૫ |
| વિમલ ! તાહરૂં રૂપ જોતાં | શ્રી ઉદયરત્નજી | ૧૭ |
| સકળ ગુણગણ વિમલ ! | શ્રી જિનવિજયજી | ૧૭ |
| વિમલ ! વિમલ ગુણ | શ્રી જિનવિજયજી | ૧૮ |
| વિમલ-જિણેસર ! | શ્રી હંસરત્નજી | ૧૯ |
| વિમલજિણંદશું જ્ઞાનવિનોદી | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| મનવસી મનવસી મનવસીરે | શ્રી રામવિજયજી | ૨૧ |
| જિન ! વિમલ-વદન રળિયામણું | શ્રી રામવિજયજી | ૨૨ |
| પ્યારે વિમલ ! ગોસાંઇ | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| વિમલજિનેસર ! તાહરો રે | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| વિમલનાથ તેરમા ભવિ વંદો | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| વિમલજિનેસર વયણ સુણીને | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| વિમલજિણેસર નિજ કારજ | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૭ |
| વિમલ જિનવર ! વિમલ | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| વિમલનાથ ભગવંતજી | શ્રી દાનવિમલજી | ૨૮ |
| વિમલ-જિણેસર વંદીયે | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| અબ ઊધાર્યો ચહિયેં | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| વિમલ વિમલ-ભાવે ભવિ | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| શ્રી વિમલ જિણંદ વિમલ | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| વિમલ જિનેસર | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| જગલોચન જબ ઉગીઓ | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| વિમલજિન ! વિમલતા | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| **સ્તવન** | **કર્તા** | **પાના નં.** |
| --- | --- | --- |
| વિમલ-કમલ પરે વિમલ | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| વિમલ જિનેસર સુણ ! | શ્રી દાનવિજયજી | ૩૭ |
| વિમલ-જિનેસર વાંદવા | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| સાંભળ વિમલ - જિનેસર ! | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| વિમલ વિમલ-જિન | શ્રી કનકવિજયજી | ૪૦ |
| અરજ કરું કર જોડી-પ્રભુજી | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| વિમલ-જિણંદ સુખકારી | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| વિમલ-જિનેસર સુંદરૂ | શ્રી રતનવિજયજી | ૪૩ |
| વિમલનાથ-મુખ-ચંદલો રે | શ્રી માણેકમુનિ | ૪૪ |
| વિમલ જિણંદ શુક્લ-પખધારી | શ્રી દીપવિજયજી | ૪૫ |
| વિમલ-જિણેસર તેરમઉ એ | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| વિમલ વિમલ રાજતા | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| વિમલ-જિનેસર વંદિયે | શ્રી જશવિજયજી | ૪૮ |
| વિમલ-જિનેશ્વર જગતને | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૪૯ |
| વિમલ વિમલ મલ | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| જિન વિમલ જિણેસર | શ્રી જગજીવનજી | ૫૦ |
| મેરે મન મોહ્યો પ્રભુકી મૂરતિયાં | શ્રી જિનહર્ષજી | ૫૧ |

| **થોય** | **કર્તા** | **પાના નં.** |
| --- | --- | --- |
| વિમલનાથ વિમલ ગુણ | શ્રી વીરવિજયજી | ૫૨ |
| વિમલ જિન જુહારો, | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિક્રિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ:** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

### ● નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

### ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# વિમલનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્ય

અષ્ટમ સ્વર્ગ થકી ચવી, કંપીલપુરમાં વાસ;
ઉત્તરા ભાદ્રપદે જનમ, માનવ ગણ મીન રાશિ..।।૧।।

યોનિ છાગ સુહંકરૂં, વિમલનાથ ભગવંત;
દોય વરસ તપ નિર્જલી, જંબુતલે અરિહંત..।।૨।।

ષટ સહસ મુનિ સાથશ્યું એ, વિમલ વિમળ પદ પાય;
શ્રી શુભવીરને સાંઈશ્યું, મળવાનું મન થાય...।।૩।।

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય

કંપીલપુરે વિમલ પ્રભુ, શામા માત મલ્હાર;
કૃતવર્મ્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર..।।૧।।

લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય..।।૨।।

વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ **પદ્મ** વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ..।।૩।।

### શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય

અષ્ટમ કલ્પ થકી ચ્યવ્યા, માધવ સુદી બારસ;
સુદી મહા ત્રીજે જન્મ, તસ ચોથે વ્રત રસ.....૧

સુદી પોષ છઠ્ઠે લહ્યા, વર નિર્મલ કેવળ;
વદી સાતમ અષાઢની, પામ્યા પદ અચલ.....૨

વિમલ જિનેશ્વર વંદીએ, **જ્ઞાનવિમલ** કરી ચિત્ત;
તેરમા જિન નિત વંદીએ, પુણ્ય પરિમલ વિત્ત.....૩

# વિમલનાથ ભગવાનના સ્તવન

### કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(સેવો ભવિયા)

**સેવો ભવિયા વિમલ જિનેશ્વર, દુલહા સજ્જન સંગાજી;**
એહવા પ્રભુનું દર્શન લહેવું, તે આળસમાંહી ગંગાજી.સેવો.૧

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી.સેવો.૨

ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળે પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી.સેવો.૩

તત્ત્વ પ્રીતિકર પાણી પાયે, વિમલા લોકે આંજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દીયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી.સેવો.૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલ તણે જે હિંયડે આવે, તેહ જણાવે બોલીજી.સેવો.૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક **જસ** કહે સાચુંજી;
કોડી કપટ જો કોઈ દિખાવે, તોયે પ્રભુ વિણ નવિ રાચુંજી.સેવો.૬

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (પ્રભુજી ! મુજ અવગુણ)

**પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો**
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાળો;
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું, હો પ્રભુજી.૧

મોહ લેસ ફરસ્યો નહીં તુજને, મોહ લગન મુજ પ્યારી;
તું અકલંકિત કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી, હો પ્રભુજી.૨

તું હી નિરાગી ભાવપદ સાથે, હું આશા સંગ વિલુધ્ધો;
તું નિશ્ચલ હું ચલ તું સીધો, હું આચરણે ઉંધો, હો પ્રભુજી.૩

તુજ સ્વભાવથી અવળા મારા, ચરિત્ર સકલ જગે જાણ્યાં;
એહવા અવગુણ મુજ અતિભારી, ન ઘટે તુજ મુખ આણ્યાં, હો પ્રભુજી.૪

પ્રેમ નવલ જો હોઈ સવાઈ, વિમલનાથ મુખ આગે;
**કાંતિ** કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિ લાગે, હો પ્રભુજી.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ (મારૂ)-મલ્હાર-ઇડર આંબા આંબલી રે- એ દેશી.)

દુઃખ-દોહગ દૂરેં ટલ્યારે, સુખ-સંપદશ્યું ભેટ ।
ધીંગ[1] ધણી માથે કિયોરે,[2] કુણ ગંજે નર-ખેટ ?-
**વિમળજિન** ! દીઠા લોયણ આજ ।
મારા સીઝયા વાંછિત કાજ-વિમળ૦..॥૧॥

ચરણ-કમળ કમળા[3] વસેરે, નિર્મળ-થિર પદ[4] દેખ !
સ-મળ અ-થિર પદ પરિહરીરે, પંકજ[5] પામર[6]પેખ-વિમળ૦..॥૨॥

મુજ મન તુજ પદ-પંકજે રે, લીણો[7] ગુણ-મકરંદ[8]
રંક[9] ગણે મંદર ધરારે, ઇંદ-ચંદ-નાગંદ-વિમળ૦..॥૩॥

સાહિબ ! સમરથ તું ધણીરે, પામ્યો પરમ-ઉદાર।
મન-વિસરામી[10] વાલહોરે, આતમચો[11] આધાર-વિમળ૦..॥૪॥

દરિશણ[12] દીઠેં જિનતણું રે, સંશય ન રહે વેધ[13]
દિનકર કર ભર પસરતાં રે, અંધકાર-પ્રતિષેધ-વિમળ.૦..॥૫॥

અમીય-ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય ।
શાંત-સુધા-રસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય-વિમળ.૦..॥૬॥

એક અરજ સેવક તણીરે, અવધારો[14] જિનદેવ ।
કૃપા કરી મુજ દીજીયેં રે, **આનંદઘન-પદ-સેવ**-વિમળ.૦..॥૭॥

---

૧. મોટો-સમર્થ ૨. દુન્યવી દૃષ્ટિએ મહાપરાક્રમી પણ બીજાની હવે કોણ પરવા કરે ! ૩. લક્ષ્મી ૪. સ્થાન ૫. કમળ ૬. તુચ્છ ૭. આસક્ત થયો ૮. ફૂલનો રસ ૯. આપના ગુણમાં લીન બનેલું મારું મન સોનાના મેરૂ પર્વતને તેમજ ઇંદ્ર, ચંદ્ર અને નાગકુમારના ઇંદ્રને પણ રાંક-તુચ્છ ગણે છે ૧૦. મનને સાંત્વન આપનાર ૧૧. આત્માનો ૧૨. મુખ ૧૩. આવરણ ૧૪. સ્વીકારો

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (લલનાની ઢાળ)

**વિમલનાથ** મુજ મન વસે, જિમ સીતા મન રામ-લલના
પિક[1] વંછે સહકારને, [2]પંથી [3]મન જિમ ધામ[4]-લલના..વિમલ૦(૧)

કુંજર[5] ચિત્ત રેવા[6] વસે, કમળા[7] મન ગોવિંદ[8]-લલના
[9]ગૌરી, મન શંકર વસે, કુમુદિની[10] મન જિમ ચંદ-લલના..વિમલ૦(૨)

અલિ[11] મન વિકસિત[12]-માલતી, કમલિની[13] ચિત્ત દિણંદ[14]-લલના
વાચક જશને વાલહો, તિમ **શ્રીવિમલ**-જિણંદ-લલના..વિમલ૦(૩)

---

૧. કોયલ ૨. આંબાને ૩. મુસાફર ૪. ઘર ૫. હાથી ૬. નર્મદા નદી ૭. લક્ષ્મી ૮. શ્રીકૃષ્ણ ૯ પાર્વતી ૧૦. ચંદ્ર વિકાસી કમળ ૧૧. ભ્રમર ૧૨. ખીલેલા ૧૩. સૂર્ય વિકાસી કમળ ૧૪. સૂર્ય

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

સજની ! વિમલ-જિનેસર પૂજીયેં, લેઈ કેસર ઘોળાઘોળ,[1]
સજની ! ભગતિ-ભાવના ભાવિયેં, જિમ હોઈ ઘેર રંગરોળ[2]
સજની ! વિમલ૦(૧)

સજની ! કંપિલપુર કૃતવર્મનો[3] નંદન શ્યામા-જાત,
સજની ! અંક[4] વરાહ[5] વિરાજિતો, જેહના શુચિ[6]-અવદાત[7]
સજની ! વિમલ૦(૨)

સજની ! સાઠ ધનુષ તનુ ઉચ્ચતા વરષ સાઠ લાખ આય,
સજની ! એક સહસશ્યું વ્રત લિયે, કંચન-વરણી કાય,
સજની ! વિમલ૦(૩)

સજની ! સમેતશિખર શિવપદ લહ્યું, મુની અડસઠ હજાર,
સજની ! એક લાખ પ્રભુ સાહુણી, વળી અઠ સત નિરધાર.
સજની ! વિમલ૦(૪)

સજની ! ષણમુખ-વિદિતા પ્રભુ તણે, શાસન ધર અધિકાર,
સજની ! શ્રી **નયવિજય** વિબુધ તણા, સેવકને જયકાર,
સજની ! વિમલ૦(૫)

---

૧. ખૂબ ઘસેલું ૨. મોટો ઉત્સવ ૩. પ્રભુજીના પિતાનું નામ ૪. લંછન ૫. ભૂંડ ૬. પવિત્ર ૭. વંશ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (વીંછીઆની-દેશી)

હાંરે લાલા ! **વિમળ જિનેશ્વર** સેવીએ
એ તો વિમળ અછે તસ નામ રે- લાલા
વિમળવાણી ગુણ જેહના, જસવિમળ અછે પરિણામ રે લાલા
વિમલ(૧)

એ તો વિમળ[૧] કમળ-દળ પાંખડી, સમ નયન યુગલ છે, ભાસ-રે લાલા
મુખ-પંકજ ઘણું વિમળ છે, વળી વિમળ છે મુદ્રા જાસ રે - લાલા
વિમલ(૨)

દર્શન-ચારિત્ર વિમળ છે, એ તો વિમળ છે કેવળ જ્ઞાનરે – લાલા
સ્તુતિ સ્તવના જસ વિમળ છે, વળી વિમળ છે શુક્લ ધ્યાન રે-લાલા
વિમલ(૩)

સત્તર ભેદે સંજમ કહ્યો, તેહ જ પણ વિમળ છે તાસ રે - લાલ
યશકીર્તિ ઘણું વિમળ છે, ગુણ વિમળ જે ગુણનો આવાસ રે-લાલા
વિમલ(૪)

પ્રેમવિબુધ સુપસાયથી **ભાણવિજય**ને જય જયકાર રે- લાલ
નિતનિત ચરણકમલ પ્રતે, પ્રણમેં એ પ્રભુના ઉદાર રે -લાલા
વિમલ(૫)

---

૧. નિર્મળ-સુંદર કમળની પાંખડી

## કર્તા : શ્રી આનંદવર્ધનજી મ.

### (વીરે વખાણી રાણી ચેલણાજી - એ દેશી)

વિમલ[1]-કમલ-દલ આંખડીજી, મનોહર રાતડી[2] રેહ
પૂતલડી-મધ રમિ તારિકાજી, શામલી હસિત સ-સનેહ-વિમલ૦(૧)

ઇંદ્રતણાં મન રંજતીજી, લલક લેતી સુકુમાલ
અ-થિર ચંચલ છે અવરનીજી, મોરા પ્રભુ તણી પરમદયાળ-વિમલ૦(૨)

વાંકડી[3] ભમુહ અણીયાલડીજી, પાતલડી[4]પાંપણિ પંત
મરકલે[5] અમૃત વરસતીજી, સહિસ સોહામણિ સંત-વિમલ૦(૩)

વિમલ મોરૂ મન કરી વીનવુંજી, સાંભળો વિમલજિણંદ
**આણંદ નયણ નિહાળજ્યોજી, ટાળજો દુખતણા વૃંદ-વિમલ૦(૪)**

---

૧. નિર્મળ કમળની પાંખડી જેવી ૨. સુંદર ૩. વાંકી ભ્રુકુટી ૪. પાતળી પાંપણ, ૫ હાસ્યમાં

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (કંત ! તમાકુ પરિહરો-એ દેશી)

**વિમલ-જિનેસર !** જગધણી ! કલ્પતરૂ[1] અભિરામ-મોરા લાલ,
તાદૃશ[2] દાન-દાતા પ્રભુ ! મુજ ન આપે શિવ-ઠામ-મોરા લાલ-વિમલ૦(૧)

કેવળ દોષ તે માહરો, નિર્દોષી ગુણખાણ મોરા૦
છિદ્ર-કુંભે[3] જળ નવિ રહે, સાયર-દોષ ન જાણ-મોરા૦વિમલ૦(૨)

રત્ન-દ્વીપે બહુ-ધના, ભાગ્ય-હીન શોચંત-મોરા૦
ચિંતામણિ આગે લહી, નિજ[૪]-લોચન મીંચંત-મોર૦વિમલ૦(૩)

પંથી પામ્યો સાથને, શાતાશું[૫] સુવંત-મોરા૦
ભૂખ્યાને ભોજન મિલે, આદરથી ન કરંત-મોરા૦વિમલ૦(૪)

તે પણ સ્વામી ! તુમ વિના, કહેવાનું કુણ કામ ? મોરા૦
કહેતાં કીર્તિ નાથની, લખમી લહે કલ્યાણ-મોરા૦વિમલ૦(૫)

---

૧. કલ્પવૃક્ષ ૨. તેવા ૩. કાણા ઘડામાં ૪. પોતાની આંખો ૫. સુખેથી

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (રાગ મલ્હારની - એ દેશી)

જી હો ! **વિમલ-જિનેસર** સુંદરૂ, લાલા ! વિમલ વદન[૧] તુજ દિઠ;
જી હો ! વિમલ હુઓ મુજ આતમા; લાલા ! તેણે તું અંતર[૨]-પઇઠ
**જિનેસર** ! તું મુજ પ્રાણ-આધાર.(૧)

જી હો ! વિમલ રહે વિમલે થળેં[૩], લાલા ! સ[૪]-મલેં સ[૫]-મલ રમેય;
જી હો ! માન-સરોવરમેં હંસલો, લાલા ! વાયસ[૬] ખાઈ[૭]-જલે ય-જિણે૦(૨)

જી હો તિમ મિથ્યાત્વી ચિત્તમાં, લાલા ! તુજ કિમ હો યે આભાસ[૮] ?
જી હો તિહાં કુદેવ રંગે રમે, લાલા ! સમકિતી મને તુજ વાસ-જિણે૦(૩)

જી હો હીરો કુંદન[૯] શું જડે, લાલા ! દુધ ને સાકર યોગ
જી હો ઉલટ[૧૦]-યોગે વસ્તુનો, લાલા ! ન હોયેં ગુણ[૧૧]-આભોગ-જિણે૦(૪)

જી હો વિમલ પુરૂષ રહેવાતણું, લાલા ! થાનક વિમલ કરેય
જી હો ગૃહપતિને તિહાં શી ત્રપા[૧૨], લાલા ! ભાટક[૧૩] ઉચિત ગ્રહેય-જિણે૦(૫)

જી હો તિમ તે મુજ મન નિરમળું, લાલા ! કીધું કરતે રે વાસ.
જી હો પુષ્ટિ-શુદ્ધિ ભાટક ગ્રહી, લાલા ! હું સુખીયો થયો દાસ-જિણે૦(૬)

જી હો વિમલ-વિમલ મિલી રહ્યા, લાલા ! ભેદ-ભાવ રહ્યો નહિ
જી હો **માનવિજય**-ઉવજઝાય, લાલા અનુભવ-સુખ થયો ત્યાંહિ-જિણે૦(૭)

૧. મુખ ૨. અંદર=હૃદયમાં સ્થપાયો છે. ૩. જગ્યા એ ૪. સ - મલેં = મલિન સ્થાને ૫. સ. - મલ = મલિન વ્યક્તિ ૬. કાગડો ૭. ગટરના પાણીમાં ૮. પ્રતિબિંબ ૯. સોના સાથે ૧૦ વિપરીત સંયોગે ૧૧. ગુણનો વિસ્તાર ૧૨. લજ્જા ૧૩. ભાડું

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (બે બે મુનિવર વહોરણ પાંગરયાજી - એ દેશી)

વિધિ શું વંદતાં **વિમલ-જિનેસરૂજી**, વાધે વળી વારૂ[૧] ધર્મ-સનેહ રે
આતમ[૨]-અનુભવ જ્ઞાનમાંહે મિલે જી, હોયે અવિનાશી અખય અછેહ રે
— વિધિ૦(૧)

પાણી જિમ સહજે વિષ દૂર કરેજી, મંત્રે વાસ્યું હોયે અમૃત-રૂપ રે
તિમ તુમ ધ્યાને એહ અ-ભેદથીજી, ધ્યાયો હોયે આતમ સિદ્ધ-સરૂપ રે
— વિધિ૦(૨)

જિમ તિલ ઊજ્જવલ શુભ-કુસુમે કરીજી, વાસ્યાં બહુ-મૂલાં હોયે તેલ રે
તિમ સિત[3]-પક્ષી તુમ ગુણ[4]-વાસથીજી, હોયે અતિશય ગુણ[5]-પરિમલ મેલ રે
— વિધિ૦(૩)

આપ-સરિખો સેવકને કરેજી, સાહિબ સેવ્યો તે સુપ્રમાણ રે
મોટા સેવ્યાનો તો શ્યો[6] પટંતરોજી, સમજે થોડે કહ્યે જે હોયે જાણ રે
—વિધિ૦(૪)

**જ્ઞાનવિમલ**-સુપ્રકાશ થકી લહ્યાજી, ત્રિભુવન-જન મનકેરા ભાવ રે
તો શી જુવો છો ? સેવક વિનતિજી, આપો તુમ સેવા ભવ-જલ નાવ રે
— વિધિ૦(૫)

---

૧. સારો ૨. આત્માનો અનુભવ જ્ઞાનમાં મળે તો જ્ઞાન અવિનાશી, અક્ષય અને અનંત થાય (પ્રથમ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૩. શુક્લપક્ષી જીવ ૪.ગુણ-સુગંધથી ૫. ગુણ--સુગંધ ૬.ભેદભાવ

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ વેલાઉલ-જયો ઘરિ હીરજી ઘરિ આવે - એ દેશી)

**વિમલ**-જિનેસરરાયા, તેરસમા સ્વામિ સુહાયા
વંશ[1]-ઇક્ષાગ-રોહણગિરિ-સુરમણિ, નરમણિ[2] પ્રણમેં પાયા-વિમલ(૧)

કંપિલપુર કૃતબ્રહ્મ[3] નરેસર[4], શ્યામારાણી-જાયા[5]
સાઠ ધનુષ તનુ માને વાને, કંચનશૈલ[6] છાયા[7]-વિમલ(૨)

લંછન-મિસિ અહનિશિ જસ સેવે, આવી વરાહ સુહાયા
માનું ભૂમિ-ભારથી ભાગા, જિનવર-શરણે આયા-વિમલ(૩)

સાઠ લાખ સંવત્સર જીવિત, જીપેં[૮] મત્સર માયા
**છમ્મુહ** સુર-વર વિજિતા દેવી, શાસન-સુર સુહદાયા-વિમલ(૪)

ગુણ-મણિ-મંડિત દંડિત[૯]-દુરમતિ, ખંડિત[૧૦]-પાપ-ઉપાયા
**ભાવ** કહે ભવમાંહિ ભમતાં, એ પ્રભુ પુણ્યે પાયા-વિમલ(૫)

---

૧. ઇક્ષ્વાકુવંશ રૂપ રોહણગિરિ પર્વતમાંથી પ્રગટેલ દેવતાઈ મણિ જેવા ૨. રાજાઓ ૩. પ્રભુજીના પિતાજીનું નામ ૪. રાજા ૫. પુત્ર ૬. મેરૂપર્વત ૭. કાંતિ ૮. જીતે ૯. દંડયા છે કુમતિઓને જેણે ૧૦ દૂર કર્યા છે, પાપના ઉપાયો જેણે.

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (બહિની ! જેહને જેહસ્યું રંગ - એ દેશી)

રમણ કરે મન-મંદિરે રે, વિમલ-કમલ મુખ દેવ
વિમલ જનમ કરવા ભણી રે, સુર-નર સારે સેવ રે
ભવિજન ! સેવો ! **વિમલજિણંદ,**
ભવ[૨]-સંકટ-રયણી દિણંદ-ભવિ૦ જન[૩]-લોચન શારદચંદ રે.ભવિ૦(૧)

વિમલ ચરણ નખ સોહીંયે રે, અરૂણ[૪] વરણ જિમ ચોળ[૫]
માનું દશ દિશિ નારીના રે. રયણ[૬]-અરિસા ઓળ[૭] રે-ભવિ૦(૨)

વિમલ ચરણ નખ-દરપણે રે, જે જોયેં નિજ રૂપ
મંગળ-માળા તસ મિળે રે, મંદિર રિદ્ધિ અનૂપ રે-ભવિ૦(૩)

વિમલ વચન રસ વરસતો રે, વિમલ નયણ અદ્‌ભુત
દીપાવેં કુળ આપણું રે, શ્રી કૃતવરમા[૮]-પૂત રે-ભવિ૦(૪)

**શામારાણીએ** જનમીયો રે, કંચન-વિમલ-શરીર
**વિનય** વસેં તુમ પાઉલે[૯] રે, જિમ સહકારે[૧૦] કીર [૧૧] રે-ભવિ૦(૫)

---

૧. નિર્મળ કમળ જેવા મુખવાળા ૨. સંસારરૂપ ઘોર રાત્રિમાં સૂર્યસમા ૩. લોકોની આંખને શરદ ઋતુના ચંદ્ર જેવા ૪. લાલ ૫. મજીઠ ૬. રતનના આરીસા ૭. શ્રેણિ ૮. તેરમા તીર્થંકરના પિતાજીનું નામ છે ૯. ચરણોમાં ૧૦. આંબો ૧૧. પોપટ

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ-આડાના)

તુમસોં[૧] લાગો નેહ **વિમલજિન**-તુમ૦
**કૃતબ્રહ્માનૃપ શામાદેવીનંદન**, સુન સાહિબ ગુણગેહ -વિમલ૦(૧)

કુલ ઇક્ષ્વાગ **કંપિલપુર** જનમે, સાઠ ધનુષ હૈ દેહ
સાઠ લાખ પૂરવ મિત આયુ, સૂકર લંછન રેહ[૨] રે-વિમલ૦(૨)

જ્યૌં ચકોર શશિહી નિત ચાહે, જ્યૌં ચાતક મન મેહ
ત્યુંહી નિશદિન તુમકું સમરૂં, મુજ મન રટના એહ-વિમલ૦(૩)

દૂષણ સહિત દેવ હૈ જેતે, દિલહી નાવે તેહ
**હરખચંદ** હિત[3] તુમસોં કીનો, રખે દિખાવો છેહ[4]–વિમલ૦(૪)

---

૧. તમારાથી ૨. શોભે છે. ૩ હેત=પ્રેમ ૪. વિયોગ

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (માહરી સહી રે સમાણી - એ દેશી)

**વિમલ** જિણેસર મુજ પરમેસર, અલવેસર ઉપગારી રે —સુણ સાહિબ ! સાચા.
જગજીવન જિનરાજ જયંકર, મુજને તુજ સુરતિ પ્યારી રે -સુણ૦(૧)

મહિર કરી જે વંછિત દીજે, સેવક ચિત્ત ધરીજે રે-સુણ૦
સેવા જાણી શિવસુખ[1]-પાણી, ભક્તિ સહિનાણી દીજે રે -સુણ૦(૨)

કામકુંભને સુરતરૂથી પણ, પ્રભુ ! ભગતી મુજ પ્યારી રે-સુણ૦
જેઓએ ખિણ એક લગે સેવી, શિવસુખની દાતારી રે-સુણ૦(૩)

ભગતિ-સુવાસના વાસે વાસિત, જે હોયે ભવિ - પ્રાણી રે-સુણ૦
જીવમુક્ત ચિદાનંદરૂપી, તે કહિયે શુદ્ધ નાણી રે-સુણ૦(૪)

પ્રભુ ! તુમ ભક્તિ તણી અતિ મોટી, શક્તિ એ જગમાં વ્યાપે રે-સુણ૦
એકવાર પણ ભાવે સેવી, ચિદાનંદપદ આપે રે-સુણ૦(૫)

પૂરણ પૂરવ- પુણ્ય પસાયે, જો તુમ્હ ભગતી મેં પામી રે-સુણ૦
તો હું દુત્તર[૨]એ ભવદરિયો, તરીઓ સહજે સ્વામી રે-સુણ૦(૬)

સાહિબ ! સેવક જાણી સાચો, નેક[૩]-સુનજરે જોજો રે-સુણ૦
**નયવિજય** કહે ભવ-ભવ જિનજી ! તુમ્હ ભગતિ મુજ હોજો રે-સુણ૦(૭)

---

૧. મોક્ષનું સુખ જેમના હાથમાં છે (કબજામાં છે) ૨. દુઃખે કરીને તરાય એવો ૩. કલ્યાણકારી સારી - દૃષ્ટિથી

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સંદેશડો વિમલ જિનજીસું - મનડા માહરા,
કહિ જૈ છૈ હિ[૧]તુઓ અંતરજામી નૈ રે હોજી,
ગુણગંજ[૨] માંનસ્યું તાહરઇ -મનડા માહરા,
વલિ છઇ અમિત[૩] હિતુઓ[૪], અવસર પાંમિનૈ રે હોજી૦(૧)

વાલેસર સું ઇણવિધિ હો-મનડા માહરા ૦
મુખ વચન દોઈ કહજૈ તુજ પરતીતિ છઇં હોજ,
તું તો તિહાં માહારિમ[૫] અછૈ હો-મનડા માહરા,
કાગદ કિસ્યું રે લિખીજૈ, યા ચિર રીતિ છેં—હોજી૦(૨)

તે તો છૈ તુમચો થકો[૬] હો-મનડા માહરા,
મયા[૭] કરંતા રહજયો, કહિજૈ જોઈનઇં હોજી,
નામ તણી નિરવાહજયો-- હો મનડા માહરા,
વચન વરગ પ્રભુ ! વહજયો, આપ સુખ પાયનૈ—હોજી૦(૩)

જિનજીના ગુણ ગહગહૈ -- હો મનડા માહરા,
તિમ તિમ આવૈ ચિતિ, છિણ છિણ અંતરઈ હોજી,
એહવો કોઈ દીસૈ નહી -- હો મનડા માહરા,
કિણ સું બાંધું પ્રીતિ, એહ અભ્યંતરઇ–હોજી૦(૪)

સેવક ગણત્તી વિષઇ લેખૈ લેખવજયો-હો મનડા માહરા,
ચિતરંજન ચિતારઇને હોજી, નામ તણી નિરવાહજયો,
યું કઠિનપણો સ્યું આદર્યો-હો -મનડા માહરા,
બઇઠા[૮] વિસારી નઇં હોજી, દિલસું દિલ લેખવજયો–હોજી૦(૫)

નિસપ્રિહી કું હોય રહ્યા -મનડા માહરા,
બાંહ બાંહ તુમચી વડાઈ ઈમ કિમ જોઈજૈ હોજી,
ગરજ અછઇ અમચૈ[૯] ઘણી-હો મનડા માહરા,
સો સો ભાંતિ સુણાઇ, દુખદંદ ખોઇ જૈ–હોજી૦(૬)

જિન દરસણ જબ દેખસ્યાં -હો મનડા માહરા,
લેખૈ[૧૦] પડસ્યૈ તેહ, તે પલ તે ઘંડી હોજી,
ઐ આલોચ[૧૧] અંતરજામીસું અઇ હો મનડા માહરા,
**ઋષભસાગર** સ-સનેહ વિનવૈ વીનતડી–હોજી૦(૭)

---

૧. હિતકારી ૨. ગુણનો સમૂહ = ઉપકાર. ૩. ઘણા ૪. હિતકારી ૫. મોટો યોગ્ય ૬. તમારો ખાસ ૭. દયા ૮. બેઠેલા = તમારા ચરણોમાં-ને કેમ ભૂલી ? ૯. અમને ૧૦. સફલ ૧૧. વિચાર

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

**વિમલ** ! તાહરૂં રૂપ જોતાં, રઢિ લાગી રે
દુખડાં ગયાં વીસરીને, ભૂખડી ભાગી રે-વિમલ૦(૧)

કુમતિએ માહરી કેડ તજી, સુમતી જાગી રે
ક્રોધ માન માયા લોભે, શીખ માગી રે-વિમલ૦(૨)

પંચ વિષય-વિકારનો હવે, થયો ત્યાગી રે
**ઉદયરત્ન** કહે આજથી, હું તો તાહરો રાગી રે-વિમલ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(કડખાની દેશી)

સકળ ગુણગણ **વિમલ** ! તુમ્હ દરિશને, આતમારામ સુખ સહજ પાવે
સબળ સંવેગી નિર્વેદી અનુકંપતો, શુદ્ધ શ્રધાન શ્રેણી મચાવે-સકળ૦(૧)

ચરણ[1] ગયવર ચઢે મોહ-રિપુસેં લડે, જ્ઞાન પરધાન[2] સબ રાહ[3] બતાવે
ધૈર્ય વરવીર્ય રણથંભ રોપી પ્રબળ,પરમ વૈરાગ સન્નાહ બનાવે-સકળ૦(૨)

આણ અરિહંતની ઢાલ આગળ ધરે, ધ્યાન એકતાન સમશેર લાવે
હાસ્ય રતિ અરતિ ભય શોગ દુગંછ ખટ, ઝપટ દે મદન અરિ દૂર હટાવે- સકળ૦(૩)

મન વચ કાય નિરમાય[5] બંદુક ભરી, સુમતિ ઓર ગુપ્તિ ગોલી ચલાવે
મારી મોહમલ્લ-સુત રાગ ઓર રોસકું, જગતમાં જીત વાજાં બજાવે-સકળ૦(૪)

મોહને ક્ષય કરે વિજયલચ્છી વરે, અજર અચળ અમર નયરી સિધાવે
શ્રી **ક્ષમાવિજય** ગુરુ-ચરણ કજ સેવતાં,
નિત્ય આણંદ **જિન** રાજ પાવે-સકળ૦(૫)

---

૧. ચારિત્રરૂપ ૨. મંત્રી ૩. રસ્તો ૪. બખ્તર ૫. શુદ્ધ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (ગુંહલી કરો ગુરુ-આગળે એ દેશી)

**વિમલ** ! વિમલ ગુણ તાહરા કહેવાયે હો ! કિમ એકણ જીહ[૧]
જગ-જંતુ સન્નીપણે, તસુ જીવિત હો ! અસંખ્યાતા દિહ[૨] -વિમલ૦(૧)

સાયર[૩] શ્યાહી સંભવે, સવિ વસુધા[૪] હો ! કાગદ ઉપમાન
તરૂગણ લેખણ[૫] કીજીયે ન લિખાયે હો ! તુજ ભાસન માન-વિમલ૦(૨)

લિખન-કથન અભિલાપ્ય[૬] છે, અનંતગુણ હો અનભિલાપ્ય પયથ્થ
કેવલનાણ અનંતગુણો, કહેવાને હો કુણ હોય સમથ્થ-વિમલ૦(૩)

રૂપી-અરૂપી દ્રવ્યના, ત્રિહું કાળના હો ! પજ્જવ[૮]-સમુદાય
પરિણામિકતાએ પરિણમે, તુઝ જ્ઞાનમાં હો ! સમકાળ સમાય-વિમલ૦(૪)

કેવળ દંસણ તિમ વળી, ગુણ બીજો હો ! ગ્રાહક સામાન્ય
કરતાં એકપણાથકી, ઉપયોગે હો ! સમયાંતર માન્ય-વિમલ૦(૫)

સુરગુણ[૯]-સુખ પિંડિત[૧૦] કરી, કોઈ વર્ગ્ગિત[૧૧] હો ! કરે વાર અનંત
તુમ્હ ગુણ અ[૧૨]-વ્યાબાધને, અનંતમેં હો નવિ ભાગ આવંત-વિમલ૦(૬)

દ્રવ્ય સાધર્મે માહરી. સહુ સત્તા હો ! ભાસન પરતીત
સ્ફટિક સંયોગે શામળો, નિજ રૂપે હો ! ઉજવળ સુપવિત્ત-વિમલ૦(૭)

**ક્ષમાવિજય-જિન** સેવના, નિતુ કીજ હો ! જિમ પ્રગટ તેહ
સહજાનંદી ચેતના, ગુણી ગુણમાંહી રમે સાદિ-અછેહ-વિમલ૦(૮)

---

૧. જીભ ૨. દિવસ ૩. સમુદ્ર ૪. ધરતી ૫. કલમ ૬. કહી શકાય, તેવા ૭. ન કહી શકાય તેવા ૮. પર્યાય સમૂહ ૯. સઘળા દેવોનું સુખ ૧૦. ભેગું કરી ૧૧. ગુણાકાર ૧૨. પીડા રહિત

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(વાત મ કાઢી હો વ્રતતણી - એ દેશી)**

**વિમલ**-જિણેસર ! વાલહો[૧], આતમથી અતિ પ્યારો રે,
મુજ મન લાગ્યું તેહશું, પણ તે થઈ રહ્યો ન્યારો રે—વિમલ૦

દરશન તેહનું દેખવા, રાત-દિવસ હું રસિયો રે,
પણ તે નિસનેહી થયો, શિવપુરમાં જઈ વસિયો રે—વિમલ૦

ચંદ્ર-ચકોરતણી પરે, ચંપ[૨] ધરીને ચાહું રે,
મિલવા મનમેળું[૩] ભણી, આઠે પોહોર ઉમાહું[૪] રે—વિમલ૦

એક ઘડી અરધી ઘડી, જો એકાંત લહીજે રે,
અંતરજામી આગળે, તો મન-વાત કહીજે રે—વિમલ૦

સાત રાજને આંતરે, જે બેઠો જઈ દૂર રે,
તે સાથે શી પરે કરી, મળીયેં પ્રેમ પંડૂર રે—વિમલ૦

નૈણ[૫]-નૈણ મેળ્યા પખે કિમ ભાંગે મન-ભ્રાંતો રે,
અળજો[૬] ન ટળે અંગનો, ભેટયા વિણ ભગવંતો રે—વિમલ૦

**હંસ** કહે હવે આજથી, ભગતિ કરૂં ઇણે ભાંતિરે,
આવીને મનમાં વસે, મુજ સાહેબ મન ખાંતિરે—વિમલ૦

---

૧. પ્યારો ૨. ઉત્કટ ઇચ્છા ૩. મનની એકાકારતા ૪. ઉમંગ ધરાવું ૫. નજરોનજર ૬. ઉત્સુકતા

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (તેતરીયાભાઈ તેતરીયા - એ દેશી)

**વિમલજિણંદશું** જ્ઞાનવિનોદી, મુખ[૧] છબિ શશી અવીહેલેંજી
સુરવર[૨] નિરખી રૂપ અનોપમ, હજીયે નિમેષ ન મેળેજી—વિમલ૦(૧)

વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા[૩], એહવું કોઈક કહે છે જી
તો વરાહ લંછન મિશેં પ્રભુને, ચરણે શરણ રહે છે જી—વિમલ૦(૨)

લીલા અફળ લલિત પુરૂષોત્તમ, સિદ્ધિ વધુ રસ ભીનોજી
વેધક સ્વામીથી મિલવું સોહિલું, જે કોઈ ટાળે કીનોજી—વિમલ૦(૩)

પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી
હું નટ નવલ[૪] વિવિધ ગતિ જાણું, ખિણ એક તો લ્યો મુજરોજી -વિમલ૦(૪)

ચોરાશીલાખ વેષ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી
જે[૫] અનુભવ-દાન ગમે તો, ના રૂચે તો કહો મ આણેજી-વિમલ૦(૫)

જે પ્રભુભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યો ભટકેજી
સંગત[૬] તેહ ન વિગત[૭] લહીયેં, પૂજાદિકથી ચિટકેજી—વિમલ૦(૬)

કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ સ્વામી ! અખય ખજાનોજી
રૂપ-વિબુધનો મોહન પભણે, સેવક વિનતિ માનોજી—વિમલ૦(૭)

---

૧.મુખની કાંતિ એવી કે ચંદ્રને હેલે = ઝાંખી પાડે (૧ લી ગાથાની બીજી લીટીનો અર્થ) ૨.ઝબકારો ૩. પૃથ્વી ૪. નવી જાતનો ૫. જો મારા વેષ લાવવાની રીત ગમે તો. અનુભવદાન = આત્માનુભવ આપો, અને જો ન ગમે તો મને કહો કે હવે પછી આવા વેષ લાવીશ નહીં એટલે સરવાળે મારે આ સંસારનું ભ્રમણ બંધ થઈ જાય (પાંચમી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૬. સોવન ૭. સ્પષ્ટપણે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (નિત નવીનિત નવીનિત નવી, કાજળવાળી ગોરી નિત નવીરે - એ દેશી)

મનવસી મનવસી મનવસીરે, પ્રભુજીની મૂરતિ માહરે મનવસીરે
જિમ હંસા[૧]-મન વાહલી[૨]ગંગ[૩], જેમ ચતુરમન ચતુરનો સંગ
જિમ બાળકને માત[૪]-ઉછંગ, તિમ મુજને પ્રભુ સાથે રંગરે-માહરે૦(૧)

મુખ સોહે પુનિમનો ચંદ, નેણ[૫]-કમળદળ મોહે ઇંદ-માહરે૦
અધર[૬] જિસા પરવાળી[૭] લાલ, અરધ[૮]-શશિસમ દીપ ભાળ[૯]-માહરે૦(૨)

બાંહડી[૧૦] જાણે નાલ [૧૧]મૃણાળ,[૧૨]પ્રભુજી ! મેરો પરમકૃપાળ-માહરે૦
જોતો કો નહી પ્રભુની જોડ, પૂરે ત્રિભુવન કેરા કોડ-માહરે૦(૩)

સાગરથી અધિકો ગંભીર, સેવ્યો આપે ભવનો તીર[૧૩]-માહરે૦
સેવે સુરનર કોડાકોડ, કર્મતણા મદ[૧૪] નાખે મોડ [૧૫]-માહરે૦(૪)

ભેટયો ભાવે **વિમળજિણંદ**, મુજ મન વાધ્યો પરમ આનંદ-માહરે૦
**વિમળવિજય** વાચકનો શિષ્ય, **રામ** કહે મુજ પૂરો જગીસ-માહરે૦(૫)

---

૧. હંસના મનમાં ૨. પસંદ ૩. ગંગાનદી ૪. માતાનો ખોળો ૫.નયન રૂપ કમલની પાંખડી ૬. હોઠ ૭. પરવાળા જેવા ૮. અર્ધચંદ્ર = આઠમના ચંદ્ર જેવું ૯. કપાળ ૧૦. બાહુ ૧૧. ડાંડલો ૧૨. કમળની ૧૩. કિનારો ૧૪. ગર્વ ૧૫. ગાળી.

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(કુલાબાલી આબાલીયા શું કરો - એ દેશી)**

જિન ! **વિમલ**-વદન રળિયામણું, જાણે કનક[૧] કમળનો રાયરે-વિમલ જિણંદજી
જિન ! અધર[૨] અમીરસ ભૂમિનો, પ્રતિબિંબિત બિંબ સુહાયરે -વિ૦(૧)

જિન ! અનુરૂપની રેખમાં, નવિ આવે સુરના ઇંદરે -વિ૦
જિન ! મુખ ટીકો નીકો[૪] બન્યો, માનું ઉગ્યો ઉજલ ચંદરે -વિ૦(૨)

જિન ! દાડમ કળી ઓપતી, અતિ દીપે દાંતની ઓલરે[5] -વિ૦
તે અરૂણ અધર છબિથી મળ્યા, માનું મુગતાફળ સમતોલ રે -વિ૦(૩)

જિન ! અકળ અરૂપી રૂપ છે, પણ સફળ સરૂપી જાણે રે -વિ૦
જિન ! અગણિત ગુણના દોરથી, મનમાંકડું બાંધ્યું તાણરે -વિ૦(૪)

જિન ! શિવ સુખદાયક સાંભળી, હું હરખ્યો હઈડા માંહિરે -વિ૦
જિન ! એકતારી તુજશું કરી, જિમ ચંદ ચકોરી થાય રે -વિ૦(૫)

પ્રભુ ! એવડી વિમાસણ શું કરો, નહિ ખોટ ખજાને તુજ્જરે -વિ૦
જો નાપો તો સાહમું જુઓ, તો વંછિત ફળશે મુજ્જરે-વિ૦(૬)

**સુત કૃતવર્મા-શ્યામા** તણો, સાઠ લાખ ધનુષ તનુ આયરે-વિ૦
**શ્રી સુમતીવિજય કવિરાજનો,** ઇમ **રામવિજય** ગુણ ગાયરે-વિ૦(૭)

---

૧. સોનાના કમળનું ૨. ઓઠ ૩. લાખ ફૂલ જેવા ૪. સુંદર ૫. શ્રેણિ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(પ્યારે ! સાજન ! સાંઇ ! તું આવે રે,**
**આવ રે સાજન ! સાંઈ ! તું આવ રે; એ - દેશી)**

પ્યારે **વિમલ** ! ગોસાંઈ[1] ! તુમ નામને રે,
અહનિશ ધ્યાઉં નવનિધિ પાઉં,
હાંરે ! સાંઇ ! પતિત - પાવન ગુણધામ રે -પ્યારે૦(૧)

વિમલ ગુસાંઈ સેવા પાઇ,
હાંરે ! સાંઈ ! વિમલ- મહોદય ઠામ રે -પ્યારે૦(૨)

અવલંબનાઓ અંગિયાં લ્યાઉં,
હાંરે ! પ્યારે ! ધ્યાન ઘુસૃણ[2] યશ દામ રે -પ્યારે૦(૩)

નિર્મલ મનકી ધોતિ પહિનું,
હાંરે ! બાવા ! ભાવ ઉદક અભિરામ રે -પ્યારે૦(૪)

ધૂપઘટા તનુ જ્યોતિ મહાતપ,
હાંરે ! સાંઇ ! કીર્ત્તિ સુવાસ ઉદામ રે -પ્યારે૦(૫)

ન્યાયસાગર પ્રભુ ચિત્ત[3]-પ્રસત્તિ,
હાંરે ! સાંઇ ! થય-થુઇ કામિત પામરે -પ્યારે૦(૬)

---

૧. ગો-ઇન્દ્રિયો તેના પર કાબૂ ધરાવનાર સ્વામી ૨. ચંદન ૩. ચિત્તની સમાધિ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(દેશી યોગનાની-ઇડર આંબા આંબલીને રાગ-સારંગ મલ્હાર)**

વિમલજિનેસર ! તાહરો રે, અતુલ અચિંત પ્રભાવ
ગુરૂ પણ નિજ પર સમ કહ્યા રે, તરવા ભવજળ નાવ
વિમલજિન ! તુમશું ધર્મ સનેહ-વિમલ૦(૧)

જિમ ચા[illegible] જિમ પ્રાણી ને દેહ-વિમલ૰
અબુધ[1] વિબુધ[2] કરે તરતમાં રે, રૂપી અરૂપી કીધ;
કરમી અકરમી કરે રે, યોગી અયોગી સિદ્ધ -વિમલ૰(૨)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

લંછન મિસિ[3] સેવા કરેં રે, વિનતિ કરણ વરાહ
ભૂમિ ભારથી ઉભગો રે, દિઓ સુખ નિતુ જગનાહ -વિમલ૰(૩)

**શ્રીકૃતવર્મ** નૃપ નંદનો રે, **શ્યામા** માતા જાત
વિમલ મતિ પ્રભુ ધ્યાઈ યેં રે, તો હોયે વિમલ અવદાત -વિમલ૰(૪)

તેર ક્રિયા ટાળી જિણે રે, તેરસમા જિનભાણ
**ન્યાયસાગર** કહે ભવ-ભવે રે, શિર ધરૂં તેહની આણ -વિમલ૰(૫)

---

૧. મૂર્ખ ૨. પંડિત ૩. બહાને

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (સાહિબા મોતીદ્યોને હમારો – એ દેશી)

**વિમલનાથ** તેરમા ભવિ વંદો, જસ નામે જાયેં દુખ ફંદો
સાહિબા ! ગુણવંતા હમારા મોહના ગુણવંતા
ત્રીશ સાગર અંતર બિહું જિનને, ગમિઓ એ પ્રભુ માહરા મનનેં –સા૰(૧)

ચ્યવન વૈશાખ સુદિ બારસ દિન્ન, જનમ માહ સુદિ ત્રીજનો પુન્ન—સા૦
સાઠ ધનુષ જસ દેહ વિરાજે; કનકવરણ અતિશય જસ છાજે —સા૦(૨)

માહ સુદિ ચોથ ચારિત્ર વરિયા; પોષ સુદિ છઠ થયા જ્ઞાનના દરિયા—સા૦
ત્રિગડું રચે સુર પરષદા બાર, ચ્યાર રૂપે કરી ધર્મદાતાર—સા૦(૩)

સાઠ લાખ વરસ આયુ માન, તાર્યા ભવિજનને અસમાન—સા૦
અસાઢ વદિ સાતમે વર્યા સિદ્ધિ, પરગટ કીધી આતમરિદ્ધિ—સા૦(૪)

શરણાગતવત્સલ જિનરાજ, મુજ શરણાગતની તુમ્હ લાજ—સા૦
નિજ ઉત્તમ સેવકને તારો, **પદ્મ** કહે વિનતિ અવધારો—સા૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

**(ગુણહ વિશાલા મંગલિક-માતા - એ દેશી)**

**વિમલ**જિનેસર વયણ સુણીને, વિમલતા નિજ ઓલખાણી રે
પુદગલ તત્ત્વાદિક ભિન્ન સત્તા, સિદ્ધ સમાન પિછાણી રે—વિ૦(૧)

પુદગલ-સંગથી પુદગલમય, નિજ ખીર-નીર પરે અપ્પા રે
એતા દિન લગે એહિ જ ભ્રાંતિ, પુદગલ અપ્પા થપ્પા રે—વિ૦(૨)

માનું અબ મેં વાણી સુણીને, નિજ આતમરિદ્ધિ પાઇ રે
ગૃહ-અંતરગત નિધિ બતલાવત, લહે આણંદ સવાઈ રે-વિ૦(૩)

અપ્પા લહ્યો ત્યું દેહને અંતર, ગુણ અનંત નિધાન રે
આવારક આચાર્ય આવરણ, જાણ્યા ભેઅ અમાન રે—વિ૦(૪)

સિદ્ધસમાન વિમલતા નિજ તે, કરવા પ્રગટ સ્વભાવ રે
**વિમલજિન ઉત્તમ** આલંબન, **પદ્મવિજય** કરે દાવ રે—વિ૦(૫)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

**(અરણીક મુનિવર ચાલ્યા ગોચરી - એ દેશી)**

**વિમલજિણેસર** નિજ કારજ કરો, છંડીને સોપાધિભાવોજી,
એકપણે સવિ ગુણમાં મળી રહ્યો, પરમાનંદ સ્વભાવોજી -વિમલ૦(૧)

સુમનસ[૧]-કાંતારે વિભ્રમરોચિતા, જસુ માનસ ન ક્ષોભાવોજી,
મંદારબાયેરે સવિ સુર જીતિયા, તું તો જીતેંદ્રી સ્વભાવોજી -વિમલ૦(૨)
ત્રિભુવન બંધુ રે અતિશય પૂરણો, દોષ અભાવે ગત તાંતિજી[૨]
દીર્ણાંગજ ! અરિહા મિટે ભવઈહા, અતુલદાયક મુજ શાંતિ રે—વિમલ૦(૩)

નિ:પ્રતિબંધ અબંધક મેં સ્તવ્યો, અપવર્ગ પદવીનો ભૂપો જી૦
નિકટ કરે જનને મન સુંદરૂં, દેખે તે સહજ સ્વરૂપો જી—વિમલ૦(૪)

**વિમલ-જિણંદથી** રે ધ્રુવપદરાગીયા, નિરમલ કરે નિજ શક્તિ જી૦
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** અવધભેદી લહે, પૂર્ણાનંદ પદ વ્યક્તિ જ—વિમલ૦(૫)

૧. સુમનસ=દેવો, તેની કાંતા = સ્ત્રીઓ, દેવીઓર. વીણ

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**વિમલ** જિનવર ! **વિમલ** જિનવર ! વિમલ તાહરૂ નામ રે
વિમલ જિનવર ધ્યાન ધરતાં, વિમલ લહીયે ઠામ રે—વિમલ૦(૧)

વિમલ-જ્ઞાને તુમ્હ શોભે, વિમલ-મતિ વિસ્તાર રે
વિમલમૂર્તિ નિરખતાં પ્રભુ, પામે ભવનો પાર રે—વિમલ૦(૨)

વિમલ-મહાવ્રતનો ધણી તું, વિમલ પ્રભુ નિર્વાણ રે
વિમલ-લેશ્યા તુજ પાસે, વિમલ-શુક્લ ધ્યાન રે—વિમલ૦(૩)

વિમલ-તેજે તુમ્હ શોભે, વિમલ-દર્શન તુજ રે
વિમલ-સુરતિ [1]તાહરી પ્રભુ, વિમલ કરો હો મુજ રે—વિમલ૦(૪)

ગુણ અનંતા તાહરા પ્રભુ, કિમ કહું હું મતિમંદ રે
**ઋદ્ધિ-કીર્તિ** અનંતી છે જિહાં તે, આપો શિવ-સુખકંદરે —વિમલ૦(૫)

૧. ચહેરો

## કર્તા શ્રી દાનવિમલજી મ.

**વિમલનાથ** ભગવંતજી, ઓલગડી અવધાર -સુખકર સાહિબા
મીઠી નજરે પાવન થઈ, દેખી તુમ્હ દીદાર—સુખકર૦...(૧)

વિમલ કમલ દલ પાંખડી, આંખડી અતીહિ રસાલ—સુખકર૦
શત્રુ-મિત્ર સરખા ગણે, રાગને દ્વેષ ન લગાર—સુખકર૦...(૨)

નાસા અતીહિ મનોહરૂ, જાણે તિલકનું ફૂલ-સુખકર૦
ભાલ તિલક દીપે ભલો, મોક્ષ ભણી અનુકૂલ—સુખકર૦...(૩)

કાને કુંડલ ઝળહળે, સૂરજ ચંદ્ર સમાન—સુખકર૦
દંતપંક્તિ દાડમ કલી, અધરબિંબ ઉપમાન-સુખકર૦...(૪)

એ મુખ દીઠા દુઃખ વિસર્યા, નીસર્યા પાપ અસમાન-સુખકર૦
**વિમલ** થયો મુજ આતમા, એહિ જ વંછિત **દાન**-સુખકર૦...(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (બન્યો રે વિધાજીનો કલપડો - એ દેશી)

**વિમલ**-જિણેસર વંદીયે, નિકંદીયે પાપનો ફંદ રે—બહિન
**કૃતવર્મ્મા** કુળ અવતર્યો, **શ્યામારાણીનો** નંદરે—બવિ૦(૧)

એહનાં વિમલ નયન શમરસ ભર્યા, જાણે રયણકચોલાં દોયરે—બવિ૦
જોતાં ભૂખ -તૃષા સબ વિસરી,અખિયાં આશક બગાડી જોય રે—બવિ૦(૨)

એહનું વિમલવદન પૂરણચંદલો, હું તો જોઈ જોઈ રહીશ રે—બવિ૦
જે કરશે તે તેહવું પામશે, હું તો એહશું પ્રેમ ધરીશ રે—બવિ૦(૩)

જે દુષ્ટ દોષીજન પાતકી, તેહને એહ દરિશણ છે દુર્લભ રે—બવિ૦
દિન રયણી દિલમાં વસે, દિલજાની દેવ અદંભ રે—બવિ૦(૪)

જે બહુ સંસારી જીવડા, તેહને દેવ ગુરૂ દીઠે લાજ રે—બવિ૰
ગુરૂ **મેરૂવિજય** બુધરાજનો, કહે અવિચળ સુખ એહ સાજ રે—બવિ૰(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ સોરઠ)

અબ ઊધાર્યો ચહિંયેં, વિમલજિન અબ૰
દીનદયાલ દયાનિધિ આગે, અપને દુખકી કહિયેં-વિ૰(૧)

જાતિ યોનિ કુળકોડિ નામે, કેતે ભવદુખ સહિયેં
દેશ વિદેશ પુર ઠામ નયે સબ, કરતે ફિરતે રહિએં-વિ૰(૨)

ઐસોન રહ્યો એકું થાનક, મરન બિના ક્યૌં પૈએં
વાંહા ફિર સૂક્ષ્મ બાદર પુદ્ગલ - પરાવર્ત્તસોં ગહિયેં-વિ૰(૩)

કાલચક્ર અંનતે ભટકત, પાયો ભવ યા મહિયેં
અસી સાહેબ મુજ પર ગૂજરી, ક્યાં કહું બોહોત સબહિયેં-વિ૰(૪)

મોંસો પાપી પતિત નહિ દૂજો, જગમાં કોઉ નહી લહિયેં
પતિત-ઉધારન બિરૂદ તિહારો, કહે **અમૃત** નિરવહિયેં-વિ૰(૫)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(રશીયાની - દેશી)

**વિમલ**[1] વિમલ-ભાવે ભવિ પ્રણમીયે, વિમલ થયાં મુજ નયન-કૃપાનિધિ !
શ્રવણ①-યુગલ માહરાં પાવન થયાં, નિસુણી પ્રભુજીના વયણ-કૃપા૦વિ૦॥૧॥

કોડિકલ્યાણકારી [2]**કંપિલપુરી**, ભૂપ ભલો **કૃતવર્મ**[3]-કૃપા૦
[4]શામારાણી જનની પ્રભુ કેરી, કરતી ધર્મના કર્મ-કૃપા૦વિ૦॥૨॥

સાઠ ધનુષ સરસી જસ [5]દેહડી, સાઠ લાખ વરસનું [6]આય-કૃપા૦
સૂયર [7]લંછન ચરણે બિરાજતું, ②પ્રગટત-રવિ(કંચન) સમ[8] કાય-કૃપા૦વિ૦॥૩॥

શ્રુતધર સત્તાવન [9]ગણધર ભલા, [10]મુનિવર અડસઠ સહસ-કૃપા૦
[11]અજ્જા એક લખ ઉપર આઠસેં; પામી સદ્‌ગતિવાસ -કૃપા૦વિ૦॥૪॥

[12]**ષણ્મુખયક્ષ** અને [13]**વિજયાસુરી**, પૂજે જિનના પાય -કૃપા૦
અહનિશ ધ્યાન ધરે પ્રભુ તાહરૂં, **પ્રમોદસાગર** ગુણ ગાય -કૃપા૦વિ૦॥૫॥

૧. બેકાન ૨. સ્પષ્ટ સુવર્ણ જેવી કાયા

## કર્તા : શ્રી ભાણચંદ્ર જી મ.

(ગોરીકેને નસો ગોફન ગાલા-એ દેશી)

શ્રી વિમળ જિણંદ વિમળપદવાસી, અવિનાશી જિતકાસી,
હો સાઇયાં અબ મોહે તારો જિનપતિ ।
પૂરણ લોકાલોક પ્રકાશી; નિત્યાનંદ વિલાસી હો સાંઇયાં અબ૦॥૧॥

જગતાર્યો જબ મુજકું તારો, તબ સબ સાચ કહાઈ હો-સાંઈ૦ ।
જબલગ મેં ન તર્યો તબ ઝૂઠી, તારક-ખ્યાતિ બહાઈ હો-સાંઈ૦અબ૦॥૨॥

કબહુક આપ તારોગે મોંકું, મેં ન તરૂં ગોસાંઈ - હો-સાંઈ૦
મેરે ફૈલ સબહૈ ઝૂઠે, ક્યોં તારોગે ગુસાઈ ? હો-સાંઈ૦અબ૦॥૩॥

કૌન ભાંત અબ બિરૂદ રહે હે. આઇ મિલે હો મોસું - હો-સાંઈ૦ ।
મૈં પાપી ન તરૂં તબ તારક, કૌન કહેંગે તોસું હો-સાંઈ૦અબ૦॥૪॥

તારક જાનકેં આઇ ઢુક્યો હું, આશ ધરી મેં તુમારી-હો-સાંઈ૦ ।
જ્યોં ત્યોં અપનો બિરૂદ નિવાહો, યહ બિનતિ હૈ હમારી હો-સાંઈ૦ અબ૦॥૫॥

મેરે ગુન ઔગુન ન બિચારો; જગનાયક યશ લેહું હો-સાંઈ૦ ।
વાઘજી મુનિકો ભાણ કહે પ્રભુ ! મુજકું શિવપદ દેહું -હો-સાંઈ૦અબ૦॥૬॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(આદીતે અરિહંત અમઘેર આવો રે - એ દેશી)

વિમળ જિનેસર દેવ-નયણે દીઠા રે,
મૂરતિવંત મહંત-લાગે મીઠા રે ।
મધુરી જેહની વાણી-જેવી શેલડી,
સાંભળતાં સુખ થાય -કામિત વેલડી-।।૧।।

જાગ્યાં માહરાં ભાગ્ય-તુજ ચરણે આયો,
પાપ ગયા પલાય-ગંગાજળ ન્હાયો ।
દુધે વુઠ્યા મેહ-અશુભ દિવસ નાઠા,
દૂર ગયા દુઃખ દંદ-દુશમન થયા માઠા-।।૨।।

હવે માહરો અવતાર - સફળ થયો લેખે,
પણ મુજને એકવાર-નેહ નજરે દેખે
સુરમણિથી જગદીશ-તુમ તો અધિક મિળ્યા,
પાસા માહરે દાવ-મુંહ માગ્યા ઢળ્યા-।।૩।।

ભૂખ્યાને માહારાજ-જિમ ભોજન મિળે,
તરશ્યાને ટાઢું નીર-અંતર તાપ ટળે ।
થાકયો તે સુખપાળ બેસી સુખ પામે,
તેમ ચાહતા મિત્ત મિળતાં હિત જામે-।।૪।।

તાહરે ચરણે નાથ હેજે વળગ્યો છું,
કદિય ન દેજો છેહ નહી હું અળગો છું ।
શ્રી **અખયચંદસૂરીશ** ગુરૂજી ઉપગારી,
શિષ્ય મુનિ **ખુશાલ** જાવે બલિહારી-।।૫।।

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (ગુણરાલાયક - એ દેશી.)

જગલોચન જબ ઉગીઓ, પસર્યો પુહવિ પ્રકાશ હો-ગુણરા લાયક ।
અનુભવ એ મુજ વાતનો, ઉદય હુઓ ઉજાસ હો-ગુણ૦ ।
-વિમલજિન સેવીયે ।।૧।।

ભજનથકી ભવભયહરૂ, દરિસણથી દૂર દુઃખ હો-ગુણ૦ ।
પઈવ[૧] કપુરની વાસ તે, પામે મહાસુરસુખ હો-ગુ૦વિ૦।।૨।।

અવિહડ એહને કારણે, ધરે ધરમશું ધ્યાન હો; ગુ ૦
ચિત્ત-વિત્ત-પાત્ર સંજોગ શું, પ્રગટે બહુ રિદ્ધિદાન હો - ગુ૦વિ૦।।૩।।

વાન વધારણ સાહેબો, કામિત-કામનો [૨]ધામ હો; ગુ૦ ।
[૩]જલહર જલ વરસે સદા, ન જોવે ઠામ-કુઠામહો. ગુ૦વિ૦।।૪।।

પશ્ચિમ [૪]ઇંદુ [૫]રવિ પૂરવે, જગત નમે જસ પાયહો; ગુ૦
ચિત્ત વિત્ત પાત્રને કારણે, આવે ચતુરને દાય હો. ગુ૦વિ૦।।૫।।

---

૧. સળગતા કપૂરની ૨. ઇચ્છિત વસ્તુનું સ્થાન ૩. મેઘ ૪. ચંદ્રમા ૫. સૂર્ય

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(દાસ અરદાસ શીર પર કર કહેજી - એ દેશી)

**વિમલજિન** ! વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય ।
લઘુ નદી જિમ તિમ લંધીએ જી, પણ સ્વયંભૂ-રમણ ન તરાય -વિ૦॥૧॥

સયલ પુઢવી ગિરિ જલ તરૂજી, કોઈ તોલે એક - હત્થ ।
તેહપણ તુજ ગણગણ ભણીજી, ભાખવા નહીં સમરત્થ - વિ૦॥૨॥

સર્વ પુદગલ-નભ-ધર્મનાજી, તેમ અધરમ પ્રદેશ ।
તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ ઇક તણો લેશ - વિ૦॥૩॥

એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેતલી થાય ।
નાસ્તિતા સ્વ-પર-પદ અસ્તિતાજી, તુજ સમ કાળ સમાય -વિ૦॥૪॥

તાહરા શુદ્ધ-સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન ।
તેહને તેહીજ નિપજેજી. અહો કોઈ અદ્‌ભુતતાન. —વિ૦॥૫॥

તુમ્હ પ્રભુ ! તુમ્હ તારક વિભુજી, તુમ્હ સમો અવર ન કોઈ ।
તુમ્હ દરસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય -વિ૦॥૬॥

પ્રભુ તણી વિમલતા ઓલખીજી, જે કરે થિર મન સેવ ।
દેવચંદ્ર-પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. -વિ૦॥૭॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

(મુનિસુવ્રત કીજે મયા રે, એ દેશી)

વિમલ-કમલ પરે વિમલ વિરાજે, ગાજે ગુણનિધિ જાસ ।
કીર્તિ અતિ કાને સુણી પ્રભુ ! પામ્યો હું પરમ-ઉલ્લાસ,
-સલૂણા સાહેબ ! **શ્યામા-નંદ**, તુજ સોહત આનન-ચંદ-સ૦
[૧]પયસેવિત સુર-નર-વૃંદ-સ૦॥૧॥

[૨]સુરપતિ [૩]સુરમણિ [૪]શશી [૫]ગિરિના, ગુણ લઈ ઘડિયો અંગ ।
મૂરતિ મોહન વેલડી, વારૂ વિમલ જિણંદ સુચંદ-સ૦॥૨॥

જ્ઞાતા દાતા ને વલી ત્રાતા, ભ્રાત તું જગ મિત્ત ।
શાતા દીજે [૬]સામટી, અજરામર પદ સુવિદિત-સ૦॥૩॥

[૭]અલીક ન ભાખું સહી સત્ય ભાખું, દાખું છું ધરી નેહ ।
આપ-લીલા ઘન ઉમટી, વરસો મુજ [૮]મન-વન મેહ-સ૦॥૪॥

વિનતડી મુજ સુણીને [૯]વેગે, નેહી હોજો નાથ ।
કહે **જીવણ** જિનજી મિલ્યાં, હવે હર્ષિત હુઓ સનાથ-સ૦॥૫॥

---

૧. ચરણ કમલની સેવા કરે ૨. ઇંદ્ર ૩. ચિંતામણી, ૪. ચંદ્ર ૫. મેરૂપર્વત, ૬. વિપુલ ૭. ખોટું ૮. મનરૂપવનમાં, ૯ જલદી

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (મારું મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચલે રે)

**વિમલ** જિનેસર સુણ ! મુજ વિનતિ રે, તું [૧]નિ-સનેહી આપ।
હું સ-સનેહી છું પ્રભુ-ઉપરે રે, ઇમ કિમ થાશે ? મિલાપ-વિમલ૦॥૧॥

નિ-સનેહી-જન વશ આવે નહિ રે, કીજે કોડી ઉપાય ।
તાલી એકણ-હાથે બજાવતાં રે, ઉદ્યમ નિષ્ફળ થાય-વિમલ૦॥૨॥

રાત-દિવસ રહિયે કર જોડીને રે, ખિજમત કરીએ રે ખાસ ।
તો પણ જે નજરે આણે નહિ રે, તે શું દેશ્યે ! શાબાશ -વિમલ૦॥૩॥

ભગત-વચ્છલ જિન ભક્તિ-પસાયથી રે, ચઢશે કાજ પ્રમાણ।
ઇમ થિર નિજ મન કરીને જે રહે રે, લહે ફલ તે [૨] નિરવાણ-વિમલ૦॥૪॥

મેં પોતે મન થિર કરી આદર્યો રે, તું પ્રભુ ! દેવ દયાલ ।
આપ-વડાઈ નિજ મન આણીને રે, **દાનવિજય** પ્રતિપાલ -વિમલ૦॥૫॥

---

૧. નિરાગી ૨. છેવટે

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે - એ દેશી)

**વિમલ**-જિનેસર વાંદવા રે, જાગે રાગ વિશેષ૦ ।
જેહને નર-તિરિ સહુ નમે રે, વૈર-વિરોધ ઉવેખ
-જગતગુરૂ ! કર અમને ઉપગાર ।
તુમે [૧]કરૂણા - રસ - ભૃંગાર-જગતગુરૂ૦
તુમે સિદ્ધિ - વધૂ - [૨]શૃંગાર-જગત૦ ॥૧॥

નામ અનેક જિણંદનાં, રે પણ પરિણામે એક ।
[૩]ધારાધર જળ [૪]એક-સારે, [૫]વૂઠે [૬]ઠામ-[૭]વિવેક-જગત૦ ॥૨॥

નામ-થાપના-દ્રવ્ય શું રે, તું તારે બહુ લોક ।
ભાવે ભગતિ સહુ કરે રે, જાણે લોકાલોક-જગત૦ ॥૩॥

કામધેનુ ચિંતામણિ રે, નાથ ન આવે જોડ ।
છીલ્લર-સર કહો કિમ કરે રે, ખીર - સમુદ્રની હોડ ?-જગત૦ ॥૪॥

મોટાના પગ [૮]તુસવે રે, લઘુ પણ મોટાં-નામ ।
**મેઘ**[૯] સમુદ્ર-રસ[૧૦] મેલશું રે, પામે[૧૧] ઇન્દ્રનું ઠામ-જગત૦ ॥૫॥

---

૧. કરૂણારૂપ રસના કળશસમા ૨. શણગાર = શોભા વધારનાર ૩. મેઘ ૪. એક સરખા ૫. વરસ્યા પછી ૬. જુદા જુદા સ્થાનના આધારે ૭. ભેદવાળું ૮. કરૂણાથી ૯. દરિયાનું જળખારૂં છતાં ૧૦. ઉત્તમની સોબતથી ૧૧. આખા સંસારને પોષક હોઈ મેઘરાજા કહેવાય છે.

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(સંભવ દેવ તે ધૂર સેવો સવેરે - એ દેશી)

સાંભળ વિમલ - જિનેસર ! વિનતી રે, તુમ્હશું સહજ-સનેહ
ચંદન સહજ-સ્વભાવે શીતલો રે, જગ-સુખદાયી મેહ-સાંભળ૦॥૧॥

વાંછિત-દાયક સુરતરૂ-સુરમણિ રે, રવિ કરે તેજ-પ્રકાશ ।
છાયા શીતલ શીતલ ચંદલો રે, સુરગવી પૂરે આશ-સાં૦॥૨॥

સહજ - સ્વભાવે જિમ એ સુખ દીયે રે, તું જગ-તારક તેમ ।
તો હવે તારક બિરૂદને સાહિબા રે ! હેજ ન કીજે કેમ ?-સાંભળ૦॥૩॥

એકને તારો ન તારો એકને રે, એકને નિજ-પદ દેહ ।
એક અધિકો એક આછો પાંતિમાંરે, કરવો ન ઘટે એહ !-સાંભળ૦॥૪॥

સહુશું સરીખા-હેજે હુએરે, ગિરૂઆ ! તે ગુણવંત ! ।
અંતર ન કરે મોટા નાનડારે, મોટા તેહ મહંત-સાં૦॥૫॥

નિગુણ-સુગુણ પણ સેવક આપણા રે, નિરૂઆ નિવહે જાણ ।
શશી દોષી પણ ઈશ-શિરે ધરી રે, જિમ નિવહ્યો નિરવાણ-સાંભળ૦॥૬॥

તો હવે જાણી સેવક આપણો રે, પરમ કૃપાપર ! દેવ ! ।
કેશરવિમલ જિનેસર ! વિનવે રે, હેત ધરજો નિતમેવ-સાંભળ૦॥૭॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (દેશી ફાગની)

વિમલ **વિમલ**-જિન મધુરી વાણી, આણી હૃદય-મઝારિ
ભાવ ધરી તુમ્હે ભવિજન પ્રાણી. આરાધો કરીય [૧]કરાર-
[૨]રંગઈ પ્રભુ મુખ દેખી રાચીઈ હો !
અહો ! મેરે સાહિબ, [૩]માચીઈ મનિ ધરી ધ્યાન,
રંગ પ્રભુ મુખ દેખી રાચી રહો-રંગઈ૦।।૧।।

નિરમલ બ્રહ્મ થકી જે પ્રગટી, પરમહંસ જસ વાહ ।
સકલ વિબુધ-જન-મનમાં માની, છાની નહી જે જગમાંહિ-રંગઈ૦ ।।૨।।

[૪]મોહ-અ-ખોહ મહાતમ રવિસમ, સરસ સુધા-રસ સાર ।
નૈગમ પ્રભુ-મુખ અ-ગમ નય જેહવી, પામીય પ્રગટ ઉદાર-રંગઈ૦।।૩।।

[૫]ઘન-ગંભીર ધીર [૬]ધુનિ જેહની, [૭]કલિ-કલ્મખ-દવ-નીર ।
ભવ-ભય-તાપ-સંતાપ-નિવારણ, શીતલ જેહ પટીર-[૮] રંગઈ૦।।૪।।

ગુણ અનંતમય વચન પ્રભુજી, ભાખી દીજઇ દિલાસ ।
**કનકવિજય** કહઇ કરજોડી નઇ, આપીઇ સુજશ વિલાસ-રંગઈ૦।।પ।।

---

૧. નિર્ણય ૨. ઉમંગપૂર્વક ૩. મસ્ત થવું ૪ મોહથી ક્ષોભ ન પામે તેવું જેમનું માહાત્મ્ય છે
૫. મેઘની જેમ ગંભીર ૬. ધ્વનિ ૭. ખરાબ પાપરૂપ દાવાનલ માટે પાણી જેવા ૮. ચંદન

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (અરજ કરું તસ લીમજી જીબાઈ એ - દેશી)

અરજ કરું કર જોડી-પ્રભુજી હો ! પાલો પૂરવ પ્રીતડીજી ।
પુરો મનની કોડી ! પ્રભુજી-ઉત્તમ જનમન રીત તડીજી ॥૧॥

સાહિબ છો ગુણ જાણ-પ્રભુ ૦, રુપ ગુણેં નાણેં ભર્યો જી ।
તું ધન જીવન પ્રાણ પ્રભુ ૦, જાણે ચરણે અનુસર્યાજી ॥૨॥

તું નિઃસનેહી મિત્ત પ્રભુ ૦, સુસનેહી સેવક અછૈજી ।
એક પખી કરી પ્રીત-પ્રભુ ૦, કિમ નિરવાહ હોસ્યેં પછૈજી ॥૩॥

નીર વિનાં મરેં મીન-પ્રભુ ૦ નિરવેદ જાણેં નહીજી ।
જે પૂરા પરવીણ-પ્રભુ ૦, આશ પૂરે અવસર લહીજી ॥૪॥

શ્યામા-ઉર વરહંસ-પ્રભુ ૦, વિમલ-જિણેસર મન વસ્યોજી ।
રૂચિર સિરૈં અવતંસ-પ્રભુ ૦, દેખી [1]દરશણ ઉલ્હસ્યોજી ॥૫॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

વિમલ-જિણંદ સુખકારી, સાચો જે શીલ-વ્રતધારીરે-જિનવર બ્રહ્મચારી।
[1]કામ-ગજ જિણે મૂલેથી ગાલ્યો, વેદ-તાપ અનાદિનો ટાલ્યો રે-જિન૦ ॥૧॥

મનમાં શ્યું જુઓ ? અધિકાઈ, પામી અતિશય ઠકુરાઈ રે-જિન૦ ।
જિહાં જાગ્યું [2]સહજનું શીલ, કુણ લોપઇ ? તેહની લીલ રે-જિન૦॥૨॥

નવ વાડી જે શીલ-[3]રખોપું, વ્યવહારથી તે આરોપું રે-જિન૦ ।
જિહાં કર્મ તણી તિ પાકી, વ્યવહારની [4]દઉડી ત્યાં થાકી રે-જિન૦ ॥૩॥

કોઈ સ્ત્રી-ભય સ્ત્રી-ભય ભાખઈ, રાંક આંખ પાટો રાખઈ રે-જિન૦ ।
કોઈ ધારઇ વજ-કછોટો, મૂઢ-મતિનો પંથ એ ખોટો રે-જિન૦॥૪॥

વિષય-લાલસા જેહને છીપી, તિહાંહી જ શીલ-દૌલત દીપી રે-જિન૦ ।
**ભાવપ્રભ** કહે ગુણ ગેહા, મુઝ વિમલ-જિણંદસ્યું નેહા રે-જિન૦॥૫॥

---

૧. કામરૂપ હાથી ૨. અંદરનું સ્વાભાવિક ૩. રક્ષણ ૪. દોડ

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(બીજી ચંદન-પૂજના રે - એ દેશી)

વિમલ-જિનેસર સુંદરૂ રે નિરૂપમ છે તુમ નામ-જિનેસર સાંભરે।
પૂરણાનંદી પરમેસરુ રે, આતમ-સંપદા-સ્વામ-જિને૦॥૧॥

નિ-રાગીશું નેહલો રે, મુજ મન કરવા ભાવ -જિને૦ ।
નિષ્કારણ-જગ-વચ્છલું રે, ભવોદધિ-તારણ-નાવ-જિને૦॥૨॥

સાર્થવાહ શિવ-પંથનો રે, ભાવ -ધર્મ -દાતાર -જિને૦ ।
જ્ઞાનાનંદે પૂરણો રે, ત્રિભુવન-જન- આધાર-જિને૦॥૩॥

અષ્ટ-કરમ હેલા હણી રે, પામ્યા શિવપુર વાસ - જિને૦ ।
ક્ષાયિક-ભાવે ગુણ વર્યા રે, હું સમરૂં સુ-વિલાસ-જિને૦॥૪॥

ગુણ ગાતાં ગિરૂઆ-તણા રે, જિહ્વા પાવન થાય - જિને૦ ।
નામ- ગોત્ર જસ સાંભળી રે, ભવ-ભવનાં દુઃખ જાય-જિને૦॥૫॥

મન-મોહન મુજ નાથશું રે, અવર ન આવે દાય-જિને૦ ।
પામી સુરતરૂ પરવડો રે, કોણ કરીરે જાય ?-જિન૦॥૬॥

સહજાનંદી સાહિબો રે, વર્જિત સકલ-ઉપાધ-જિને૦ ।
જિન-ઉત્તમ અવલંબને રે, રતન હુએ નિરાબાધ-જિને૦॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ-મિદી રાજેલી - એ દેશી)

**વિમલનાથ**-મુખ-ચંદલો રે, સોહે અભિનવ-ચંદ-મનડું મોહેજી।
મોહે તે સુર-નર દેખીને રે, [1]સારે મોહ્યા ઇન્દ્ર-નરિંદ-દુખડું ખોહેજી૦...॥૧॥

નહી કલંક નહી ખીણતા રે, નહી રાહુ દુઃખ-દંદ-મનડું૦ ।
સકલ કંલાએ શોભતા રે, નહિ [2]વાસર હુંતી મંદ-દુઃખ૦॥૨॥

વિમલ-પ્રભાએ વિશ્વનો રે, કરતો [3]તિમિર-[4]નિકંદ-મનડું૦ ।
ભવિજન-નયન-ચકોર ને રે, દેતો રતિ આનંદ-દુઃખ૦॥૩॥

નયન અમી-રસ વરસતો રે, લસત સદા સુખકંદ-મનડું૦ ।
સબલ તાપન ઘન-કર્મ્મનો રે, હરતો તેહનો ફંદ-દુઃખ૦॥૪॥

ત્રિભુવન-ભાવ પ્રકાશતો રે, રમતો પરમાનંદ-મનડું૦ ।
**માણેકમુનિ** કહે ભાવશું રે, પ્રણમું એહ જિણંદ-દુઃખ૦॥૫॥

---

૧. બધા ૨. દિવસ ૩. અંધારૂ ૪. નાશ

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (માલા ક્યાં છે રે - એ દેશી)

**વિમલ જિણંદ શુક્લ-પખધારી, વ્હાલા મારા ! ઇન્દ્ર કિરણ સમ દીપે રે ।**

કર્મ શ્યામલતા છંડીઇ રે, રુપેં અનંગને જીપે રે-

લાગેં જિન મનમેં ગમતો ! અનુભવ માંહિ મગન, ચિદાનંદ મેં રમતો જિન૦॥૧॥

ગુણસુંદર તપ-અભ્યાસી, વ્હાલા ૦ આઠમે સુખના થોક રે ।

ભોગવી કંપિલપુર અવતરીયો, શણગાર્યો નરલોક રે-લાગેં જિન૦॥૨॥

ઉત્તરા-ભાદ્રપદે જયવંતો, વ્હાલા ૦ માનવ ગણ મીન રાશિ રે ।

છાગ જોનિ સોહે અરિહંત, જગ જનનેં સુખ વરસી રે-લાગેં જિન૦॥૩॥

બાહ્ય-અભ્યંતર તપ અનુસરતા, વ્હાલા ૦ દોય વરસ મૌન રાખી રે ।

કેવલ દર્શન-નાણ સોહાવ્યો, જંબૂ તરુ [૧]ચેઇઅ શાખી રે - લાગે જિન૦॥૪॥

ષટ હજાર મુનિશું પરણ્યા, વ્હાલા ૦ મુગતિ સુંદરી વરરાજ રે ।

જ્યોતિ મેં જ્યોતિ અનોપમ **દીપે**, સાધ્યાં આતમ-કાજ રે -લાગેં જિન૦॥૫॥

---

૧. કેવલ જ્ઞાનનું વૃક્ષ

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

(તઉ ચડીયઉ ઘણ માણ ગજે-એહની ઢાલ)

વિમલ-જિણેસર તેરમઉ એ, અઠમ સુર લોક સાર (૧)
તઉ કંપિલ પુરી (૨) શ્યામા ધરણી (૩)
કયવમ્મા ભરતાર (૪).॥૧॥
તનુ ધણુંહ સટ્ઢિ તણુંઉ પહા (૫)
પ્રભુ લંછણ વારાહુ (૬) તઉ,
સાઢિ લાખ [1]સમ આઉષ–ઉ (૭)
અડસઠિ સહસ સાહૂ (૮).॥૨॥
તઉ [2]અયર તીસ અંતર કહિઅ વિમલ
અનઇ વાસુપુજ્જ (૯),
કંપિલ્લઇ છઠઇ (૧૦) ચરણ (૧૧) જય કરિ
પારણ [3]હુજ્જ (૧૨).॥૩॥
તઉ ઉત્તાર ભદ્દવ (૧૩) [4]સડ્ઢ વલી સહસ
અઠ લખ હોઈ (૧૪),
લખ્ખિગ સય, અડ સાહુણીઅ (૧૫)
કંપિલ્લઇં નાણ હોઈ (૧૬).॥૪॥
તઉ કણય કાય (૧૭) સાવિઅ સહસ ચઉવીસાંઉ લખ્ખ (૧૮)
તઉ મીન રાશિ (૧૯) જંબ[5] વિડવિ (૨૦)
સેવઇ [6]ખણમુહ જક્ખ (૨૧).॥૫॥
તઉ સત્તાવન પ્રભુ ગણહરુય (૨૨) પણ ત્યાં સીઝઇ કાજ,
તઉ જયા દેવી (૨૩) વિમલ
જિન સંમેતઇ શિવરાજ (૨૪)॥૬॥

---

૧. વર્ષ ૨. સાગરોપમ ૩. થયું ૪. શ્રાવકો ૫. વૃક્ષ ૬. છ મુખ વાલો ષણ્મુખ નામનો

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (ઢાલ ઝુબલડાની - એ દેશી)

[1]વિમલ વિમલ રાજતા, બાહ્ય-અભ્યંતર ભેદ-જિણંદ જાુહારીઇ।
સૂચીપુલા દષ્ટાંતથી, મન-વચ-કાય નિર્વેદ-જિણંદ જાુહારીઇં....॥૧॥

સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત તે, નિકાચિત અ-વિશેષ-જિણંદ૦ ।
આત્મ-પ્રદેશ માંહે મિલ્યાં, મલ તે કર્મ-પ્રદેશ-જિણંદ૦....॥૨॥

અ-સંખ્ય-પ્રદેશી ચિન્મયી, ચેતન-ગુણ સંભાર-જિણંદ૦ ।
પ્રદેશે પ્રદેશ રમી રહી, વર્ગણા કર્મ અ-પાર-જિણંદ૦....॥૩॥

[2]પંચ-રસાયણ-ભાવના-ભાવિત આતમ-તત્ત્વ-જિણંદ૦ ।
ઉપલતા છાંડી કનકતા પામે ઉત્તમ સત્ત્વ-જિણંદ૦....॥૪॥
પ્રથમ ભાવના શ્રુત તણી, બીજી તપ ભય સત્ત્વ -જિણંદ ૦ ।
તુરીય એકત્વ-ભાવના, પંચમ ભાવ સુ-તત્ત્વ-જિણંદ૦....॥૫॥

ઇમ કરી સર્વ પ્રદેશને રે, વિમલ કર્યા જિનરાય-જિણંદ ૦ ।
નામ યથાર્થ વિચારીને, નમેં **સ્વરૂપ** નિત પાય-જિણંદ૦.....॥૬॥

---

૧. શ્રી વિમલનાથ પ્રભુ બાહ્ય-અભ્યંતર બંને રીતે નિર્મળ શોભી રહ્યા છે. સૂચીપૂલા દષ્ટાંત એટલે ચઢતી ખીચડીની દોણીમાં એક દાણો સીજ્યો કે કેમ ? તે જોવાથી બધા સીજ્યા ગણાય છે, તેમ વિમલનાથજીનો બાહ્ય શરીરનો કંચનવર્ણ નિર્મલ દીપતો હોઈ અંદરથી પણ પ્રભુજી વેદની મલિનતા રહિત જણાય છે (પ્રથમ ગાથાનો અર્થ) ૨. રસાયણ જેવી શ્રુત આદિ પાંચ ભાવના (જે પાંચમી ગાથામાં છે) ના બળે આત્માતત્ત્વ ઉત્તમતાને વરે છે. જેમકે રસાયણથી અન્ય ધાતુપણ સોના રૂપે પરિણમે છે. (ચોથી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી જશવિજયજી મ.

(સંભવ જિનવર વિનતિ-એ દેશી)

વિમલ-જિનેસર વંદિયે, [1]કંદીયે મિથ્યા મૂલો રે ।
આનંદીયે પ્રભુ - મુખ દેખીને, તો લહીયે સુખ-અનુકૂલો રે-વિમલ૦॥૧॥

વિમલ નાણ છે જેહનું, વિમલ દંસણ સોહે રે ।
વિમલ ચારિત્ર - ગુણે કરી, ભવિયણનાં મન મોહે રે -વિમલ૦॥૨॥

વિમલ બુદ્ધિ તો ઉપજે, જો વિમલ - જિનેસર ધ્યાય રે ।
વિમલ-ચરણ પ્રભુ સેવતાં, વિમલ પદાર્થ પાય રે-વિમલ૦॥૩॥

[2]વિમલ-કમલ-દલ-લોયણાં, વદન વિમલ-શશી સોહે રે ।
વિમલ વાણી પ્રભુની સુણી, ભવ્ય-જીવ પડિબોહે રે-વિમલ૦॥૪॥

વિમલ જીહા તસ જાણીયે, જે વિમલ-જિણંદ ગુણ ગાવે રે ।
શ્રી **ખિમાવિજય**-પય સેવતાં, વિમલ **જશ** બહુ પાવે રે- વિમલ૦॥૫॥

---

૧. ઉખેડી નાખીએ ૨. નિર્મળ

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

(દેશી - મોતીડાની)

વિમલ-જિનેશ્વર જગતને પ્યારો, જીવન-પ્રાણ આધાર હમારો।
સાહિબા ! મોહે વિમલ-જિણંદા, મોહના ! [1]શમ-સુરતરૂ-કંદા
—સાહિબા૦॥૧॥

સાત રાજ અલગો જઈ વસીયો, પણ મુજ ભક્તિતણો છે રસીયો
—સાહિબા૦॥૨॥

મુજ [2]ચિત્ત અંતર કયું કરી મસી, સેવક સુખીએ પ્રભુ-શાબાસી
—સાહિબા૦॥૩॥

આલસ કરશો જો સુખ દેવા, તો કુણ કરશે ? તુમચી સેવા
—સાહિબા૦॥૪॥

મોહાદિક-[3]દલથી ઉગારો, જન્મ-જરાના દુઃખ નિવારો
—સાહિબા૦॥૫॥

સેવક-દુઃખ જો સ્વામી ન ભંજે, પૂરવ-પાતિક નહી મુજ [4]મંજે
—સાહિબા૦॥૬॥

તો કુણ બીજો આશા પૂરે, સાહિબ કાંઈ ઇચ્છિત પૂરે
—સાહિબા૦॥૭॥

**જ્ઞાનવિમલસૂરિ** જિનગુણ ગાવે, સહેજે સમકિત-ગુણ બહુ પાવે
—સાહિબા ૦॥૮॥

---

૧. સમતા રૂપ કલ્પવૃક્ષના મૂળ સમા ૨. ચિત્તમાંથી ૩. દુશ્મન સેનાથી ૪. દુર થાય

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ - જેજેવંતી)

વિમલ વિમલ મલ-રહિત સકલ કલ ।
અમલ કમલ-દલ, સમ વપુ વાસકી–વિમલ૦॥૧॥

નયન વિશાલ ભાલ, પલકન હિલચાલ ।
અચરિજ નાહી ખ્યાલ, લોકાલોક ભાસકી–વિમલ૦॥૨॥

તેહકી ન રેહ જાકે, લચ્છનસુ દેહ વાકે ।
સમતાકો ગેહ વાકે, નાહી વાસ આશકી–વિમલ૦॥૩॥

સુરપતિ આપ આઇ, થુતિ કરે ગાઈ ગાઇ ।
કહા લૌં બખાની જાય, **સુગુણ-વિલાસકી**–વિમલ૦॥૪॥

## કર્તા : શ્રી જગજીવનજી મ.

જિન વિમલ જિણેસર, જગ પરમેસર,
અંતર જ્યાં મીલો-જિન મનમોહનજી રે લો ।
ભલો ભાવે ધરી મન ગાવા તુઝ, ગુણ અવસર પામી —લો
જિન-વિમલ ૦॥૧॥

કરૂણાકર જાણી શિવ [1]સેંનાણી, ઉલટ આણી લો - જિન ૦ ।
પ્રભુ ! મુઝ ભવ તારો વિઘન નિવારો, વિભુ ગુણ ખાણી લો
-જિન ૦ - વિમલ ૦॥૨॥

ભવસાગર ફિરતાં ઇમ ભવ ધરતાં, નિમિત અભાવે લો-જિન ૦ ।
[2]આપ-પર જાણે નય પરમાણે, સનમુખ ધાવેરે લો
- જિન ૦ - વિમલ ૦॥૩॥

મુઝ પુણ્ય-સંજોગે દુરિત-વિજોગેં, તુઝ ગિર પામી લો-જિન ૦।
જિન ! તું ઉપગારી ઉદ્યમ ભારી, સમવાયની ખામી લો
-જિન ૦- વિમલ ૦॥૪॥
સુખ અ-વ્યાબાધે, તુઝ આરાધેં, સંપત્તિ સાધે લો - જિન ૦।
ગુણ-વેલડી વાધે, સમ્યક લાધે, તુઝ ગુણ લાધે લો
- જિન૦ વિમલ ૦॥૫॥
વિનતડી ધારો, સેવક તારો, પાર ઉતારો લો - જિન ૦।
તુજ ઓલગ કીધી, કામના સીધી, પીર મમ વારો લો
- જિન ૦ વિમલ ૦॥૬॥
મન ધ્યાન ધરીને, ત્રિકરણ કરીનેં, જે જન ધ્યાવેં લો - જિન ૦।
ગણી **જગજીવન** ગાવેં, નિજ સદભાવેં વંછિત તે પાવેં લો
-જિન ૦ વિમલ ૦॥૭॥

૧. નિશાની ૨. સ્વ અને પરનું

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-પૂરવી-ગોડી)

મેરે મન મોહ્યો પ્રભુકી મૂરતિયાં। સુંદર ગુણ-મંદિર છબિ દેખત,
ઉલ્લસિત હોઈ મેરી છતીયાં-મેરો૦॥૧॥
નયન-ચકોર વદન-શશી મોહે, જાત ન જાણું દિન-રતીયાં।
પ્રાણ-સનેહી પ્રાણ-પિયાકી લાગત હૈ, યે મીઠી વતીયાં[૧] મેરો૦॥૨॥
અંતરજામી સબ જાણત હૈ, કયા લીખ કે ભેજું [૨]પતીયાં।
કહે **જિનહર્ષ** વિમલ-જિનવરકી, ભક્તિ કરૂ હું બહું-[૩] ભતીયાં-મેરો૦॥૩॥

૧. વાતો ૨. કાગળો ૩. રીતે

# વિમલનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય


વિમલનાથ વિમલ ગુણ વર્યા,
જિન પદ ભોગી ભવ નિસ્તર્યા;
વાણી પાંત્રીશ ગુણ લક્ષણી,
છમ્મુહ સુર પ્રવરા જક્ષાણી..।।૧।।

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો ।।
શ્યામાંબ[૧] મલ્હારો,[૨] વિશ્વ કીર્તિ વિફારો ।।
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો ।।
ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો..।।૧।।

---

૧. શ્યામા માતાના ૨. પુત્ર



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી વિમલનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : કૃતવર્મ રાજા | માતાનું નામ | : શ્યામામાતા |
| જન્મ સ્થળ | : કંપીલપુરી | જન્મ નક્ષત્ર | : ઉતરાભાદ્રપદ |
| જન્મ રાશી | : મીન | આયુનું પ્રમાણ | : ૬૦ લાખ વર્ષ |
| શરીરનું માપ | : ૬૦ ધનુષ | શરીરનો વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : બે માસ | દીક્ષા વૃક્ષ | : જંબુ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૫૭ | જ્ઞાન નગરી | : કંપીલપુરી |
| સાધુઓની સંખ્યા | : ૬૮૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૧,૦૦,૮૦૦ |
| શ્રાવકની સંખ્યા | : | | : ૪,૨૪,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : | | વિદીતા |
| પ્રથમ ગણધરનું નામ | : મં | | ધરા |
| મોક્ષ આસન | : કા | | ત્રણ |
| ચ્યવન કલ્યાણક | : વૈશાખ સુદિ ૧૨ | જન્મ કલ્યાણક | : મહા સુદિ ૩ |
| દીક્ષા કલ્યાણક | : મહા સુદિ ૪ | કેવલજ્ઞાન કલ્યાણક | : પોષ સુદિ ૬ |
| મોક્ષ કલ્યાણક | : અષાઢ વદિ ૭ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

| | |
|---|---|
| ાન | આયુનું પ્રમા |
| : ૬૦ ધનુષ | શરીરનો વર્ણ |
| વિવાહીત | કેટલા સાથે દીક્ષા |
| બે માસ | દીક્ષા વૃક્ષ : |
| | જ્ઞાન નગરી |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩